બનામે ખુદા.

પારસી એમ્પાયર થીએટ્રીકલ કુ.

પયામે-હક.

ના નાટકના ગાયનો.

મેનેજીંગ ડાયરેકટર મી૦ ડેનીયલ ડેવીડ.

નાટક લખનાર

જનાબ મુનશી મુહમ્મદ મુઅઝ્ઝમ સાહેબ-
"આજીજ." નાગપુરી.

છપાવી પ્રસિદ્ધ કરનાર કંપનીના માલેક.

આવૃતી પહેલી. તા૦ ૨૯:૪:૧૯૨૬.

કીંમત ચાર આના.

બનામે ખુદા.

નિવેદન

થોડા સમય પહેલા હુ મારો ઉર્દુ નાટક 'શર્ઈ-ખુન''ના નામથી મુબઇની કદરદાન અને શોખીન પ્રજા સમક્ષ રજુ કરી ચુક્યો છું, મારી એ અદના સેવાને પ્રજા તરફથી ઘણોજ સરો આવકાર મળ્યો એમ જાણી મારો આ બીજો નટક નામે "પયામે-હક" અપની સેવામા અર્પણ કરું છું.

મારા આ નાટકનો હેતુ "જાલિમ બાદશાહના જમાનામાં વફાદાર રૈયત અને પ્રજાકિય નેતાઓની કર્તવ્ય નિષ્ઠા" (ફરજ) છે.

જાલિમ બાદશાહના જમાનામાં ખુદા અને સચ્ચાઇને માન નારાઓ કેવી રીતે પોતાની જબાન અને કર્તવ્યપર અડગ રહ્યા તેમની કુંવારી અને ખુબસુરત કન્યાઓપર બળાત્કાર કરવાની કોશીશો થઇ જોર જુલમથી કર વસુલ કરવામાં આવ્યો અને આવા ભયભિત સમયમાં પણ પ્રજા પક્ષના ખરા આગેવાનોએ "પયામે-હક" (સાચો પયગામ) કહી સંભળાવવામાં માત્ર બહાદુરી વીરતા આત્મસમર્પણ સંતોષ અને શાન્તિનેજ પોતાનો હથીયાર બનાવ્યા અને એજ હેતુથી મેં મારા નાટકનું નામ "પયામે હક" રાખ્યું છે.

જો મારી આ અલ્પ સેવાને કદરદાન પબ્લિક ધ્યાનમાં લેશે તો હું મારા કાર્યની સફળતા માનીશ.

પ્રજાનો નમ્ર સેવક,

આજીજ.

નાટકના પાત્રો.

પુરૂષ પાત્રો.

શરર અંગેજ—શરરઆબાદનો નાસ્તિક (ઇશ્વરને નહીં માનનારો) જાલિમ બાદશાહ.

ખલીલ—કૌમી આગેવાન, (પ્રજાકિય નેતા.)

મહમુદહસન—ખલીલનો મિત્ર.

શૌકત—ખલીલનો બહાદુર દિકરો.

મશીર—શરર અંગેજનો ખુશામદી સલાહકાર.

શાતિર—એક મનહૂસ વકીલ.

મદનમોહન—ડાક્ટર—શાતિરનો મિત્ર.

ચક્રમ—એક છાપા વેચવાવાળો, પછીથી શાતિરનો નોકર.

સ્ત્રી પાત્રો.

નસીહત—શરર અંગેજની દિકરી.

બાનમ—એક ખુબસુરત સ્ત્રી.

જન્નતી—એક ખુબસુરત કુમારીકા.

સુષિલા—ડાકર મદનમોહનની પ્રિયતમ.

બિમલા—શાતિરની નવમી સ્ત્રી.

રંગીલી—એક મનહૂસ સ્ત્રી પછીથી શાતિરની પર્ણેતર.

આ ઉપરાંત સ્ત્રીયો, બાળકો, કેદીયો, સીપાહી, દરબારી, સહેલીયો, નાચનારીયો વિગેરે વિગેરે.

નાટકનો સાર.

અંક પહેલો.

પ્રવેશ પહેલો.

(સ્તુતી.)

પ્રવેશ બીજો.

શરર આબાદના જાલિમ બાદશાહ શરર અંગેજની ગરીબ અને દયાજનક રઇયત શરર અંગેજના જુલ્મથી ઘરબાર વગર ભટકતી ફરે છે ખલીલ અને મહમુદ આવી રઇયત અને બાદશાહ બન્નેની શું ફરજ છે. તે પર પોતાનો વિચાર જાહેર કરે છે. એટલામાં એક ગરિબ માણસ પોતાની સ્ત્રી અને બચ્ચાઓ સહિત આવી શરર અંગેજના જુલ્મની ફરિયાદ કરે છે. ખલીલ પોતાના બહાદુર દિકરા શૌકતને તેઓની ખાતરદારી કરવાનો હુકમ કરે છે, અને પોતે શરર અંગેજના જુલ્મથી ગરીબોને બચાવવાની પ્રતિજ્ઞા કરે છે.

પ્રવેશ ત્રીજો.

શરર અંગેજ પોતાના છુપા ભોંયરામાં કેદ કરેલી બે ખુબસુરત સ્ત્રીઓ જન્નતી અને ખાનમ ઉપર બળાત્કાર કરે છે. બન્ને પોતાની ઇજ્જત બચાવવાને ખાતર જીવ આપવા તૈયાર થાય છે. શરર અંગેજ પોતાની નીચ ઇચ્છામાં નિષ્ફળ જવાથી ક્રોધમાન થઇ જન્નતી અને ખાનમ પર પોતાનો દબાવ જાહેર કરવાને બન્નેના બચ્ચા અને સગાવહાલાઓને જુલમથી વિંધી નાખે છે.

પ્રવેશ ચોથો.

શાતિર વકીલ ઉર્ફે ગુલઝટક પોતાની સાત સ્ત્રીઓના મરી જવાનું રૂદન કરતો દાખલ થઇ થાય છે. ત્યાં સુષિલા નામની એક ન્યુ લાઇટની ભણેલીગણેલી સ્ત્રી આવે છે શાતિર તેના આગળ પોતાનો પ્રેમ જાહેર કરે છે. સુષિલા તેના પ્રેમનો અસ્વિકાર કરી તેની એક સહેલી બિમલા સાથે લગ્ન કરાવી આપવાનું વચન આપે છે. એટલામાં બિમલા પણ આવી લાગે છે. શાતિર અને બિમલાની છેડછાડ.

પ્રવેશ પાંચમો.

શરર અંગ્રેજ પોતાના શયનગ્રહમાં મદિરા પાન કરતો નજરે પડે છે. ખલીલ ત્યાં દાખલ થઇ શરર અંગ્રેજને ગરીબ રઇતપર દયા કરવા વિનંતી કરે છે શરર અંગ્રેજ તેનું અપમાન કરે છે. ખલીલ ગરીબ રઇયત તરફથી વેર લેવાની ધમકી આપી ચાલ્યો જાય છે.

પ્રવેશ છઠો.

સુષિલા, બિમલાને શાતિર સાથે પર્ણવા સમજાવતી દેખાય છે. શાતિર તેના દોસ્ત મદનમોહન સાથે દાખલ થાય છે. સુષિલાના સમજાવવાથી બિમલા શાતિર સાથે લગ્ન કરે છે. લગ્નની ખુશીમાં બધા સાથે મળી મદિરા પીયે છે અને નિશાની તરંગમાં આપસમાં લડી મરે છે. મદિરાની ફજેતી—

પ્રવેશ સાતમો.

શરર અંગ્રેજ પોતાના સિંહાસનપર બિરાજમાન થઇ બેઠે દેખાય છે, ખાનમ અને જન્નતી ને બેડીઓ પહેરાવી હાજર કરવામાં આવે છે. શરર અંગ્રેજ પાછો એક વખત બન્નેને પોતાનો નીચ વિચાર પૂરો પાડવા હુકમ કરે છે. બેઉ તેના હુકમને તુચ્છકારે છે શરર અંગ્રેજ ગુસ્સે થઇને તેઓને મારી નાખવા તૈયાર થાય છે.

તેટલામાં શરર અંગ્રેજની દિકરી આવી પહોંચી બન્નેને બચાવે છે. અને પિતાને ગરીબ સ્રીઓપર જુલ્મ નહીં કરવા સમજાવે છે. પણ શરર અંગ્રેજ દિકરીને પોતાના નીચ વિચારોમાં નડતર રૂપ સમજી કતલ કરવાને તૈયાર થાય છે તેજ વખતે ખલીલ આવી પહોંચે છે અને નસીહતને બચાવી લે છે.

ટેબલો—ડ્રાપ.

અંક બીજો.

પ્રવેશ પહેલો.

ખલિલનો દિકરો શૌકત ગરીબ પરોણાઓની આવજત કરતો દેખાય છે.

પ્રવેશ બીજો.

ખલીલ અને નસીહત પોતાની ગરીબ કોમને શરર અંગ્રેજના પંજામાંથી છુટકારો અપાવાની સલાહ કરે છે ત્યાં શરર અંગ્રેજ આવી પહોંચે છે અને પોતાની દિકરીને ખલીલ સાથે એકાંતમાં વાતો કરતી જોઇ ગુસ્સે થાય છે અને ખલીલને પકડી કેદમાં મોકલાવે છે.

પ્રવેશ ત્રીજો.

રંગીલી જેના આગળ પાંચ વર મરી ગયા છે તેઓનું રૂદન કરતી દાખલ થાય છે. ત્યાં શાતિર પણ તેની આગલી આઠ સ્ત્રીઓ અને નવમી વિમલાનો વિલાપ કરતો આવે છે તે પછી શાતિર અને રંગીલીનો મેલાપ બેઉમાં લગ્નના કોલ કરાર.

પ્રવેશ ચોથો.

શરર અંગ્રેજ પોતાની દિકરી નસીહતને બાપની તરફેણ કરવા ઉશ્કેરે છે. પણ નસીહત ગરીબોનીજ મદદ કરવા પર અડગ રહે છે. ત્યાં શૌકત પણ આવી લાગે છે અને પોતાના બાપ ખલીલને કેદમાંથી છોડાવી લાવવાની અને નહીં તો પોતે પણ કેદમાંજ રહેવાની પ્રતિજ્ઞા કરે છે. શરર અંગ્રેજ અને શૌકતનો મુકાબલો.

પ્રવેશ પાંચમો.

શાતિર અને રંગીલી બેઉની નજરમાં લગ્ન કર્યા પછી એ તાસીર પેદા થાય છે કે જે કોઇ એ બેઉની સામે આવે છે. તે થોડીવારમાં મરી જાય છે અને લોકો તેઓની સામેથી નજ નીકળે એટલા માટે આ વાત છાપાઓમાં પ્રગટ થાય છે ચક્રમ નામનો એક છાપા વેચવાવાળો આ ખબર સહુને સંભલાવે છે. શાતિર અને રંગીલી પોતાની બદનામીના ડરથી ચાલાકી કરી તે છાપા વેચવા વાળાને નોકર રાખી લે છે.—

પ્રવેશ છઠો.

શરર અંગ્રેજ કેદખાનામાં ગરીબ કેદીઓ પર અનાજ પાણી બંદ કરી દે છે. કેદીઓ ભુખ પ્યાસથી હેરાન થાય છે ખલીલ તેઓને ધીરજ આપવાની કોશીશ કરે છે શરર અંગ્રેજ આવી ગરીબ કેદીઓ પર વધારે જુલ્મ શરૂ કરે છે. ખલીલ બનતી કોશિશે તેને નેક સલ્લાહ આપે છે. અને આખરે કંટાળી ખુદા પાસે જાલિમના જુલ્મથી ગરીબોને બચાવા પ્રાર્થના કરે છે. ખુદાની કુદરતનો ચમતકાર.

ટેબલો–ડ્રાપ.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો.

શરર અંગ્રેજ ખુદાની કુદરત નો ચમત્કાર જોઇ પોતાના વિચારોમાં ગુંચાયલો જણાય છે. તેનો ખુશામદી મશીર આવીને ખબર આપે છે કે તમારી દિકરી નસીહત ખલીલપર આશક પડી છે. આ ખબર સાંભળી તે નસીહતને બેડીઓ પહેરાવી હાજર કરવાનો હુકમ આપે છે નસીહત આવી પોતાન પ્રેમનો ઈકરાર કરે છે શરરઅંગ્રેજ તેને પણ કેદમાં મોકલાવે છે તેટલામાં અચિંતી એક બીજી ખબર આવે છે કે બાવીસ હજાર બળવાખોરો બાદશાહી કિલ્લા પર હુમલો કરવાની તૈયારી કરી રહયા છે. આ અચંબિત ખબર સાંભળી શરરઅંગ્રેજ તેઓનો મુકાબલો કરવા જાય છે.

પ્રવેશ બીજો.

શાતિરની યમદુત જેવી નજરનું તીર રંગીલીને પણ ઘાયલ કરી નાખે છે. આખરે રંગીલી બીમાર થઇ પરલોક પહોંચી જાય છે. મોહલ્લાવાલ અને પાડોશીઓ શાતિરના નામથી બેજાર થઇ જાય છે અને પંચના હુકમથી તેને દેશપાર કરે છે.

પ્રવેશ ત્રીજો.

નસીહત કેદખાનામાં ખલીલ આગળ પોતાનો પ્રેમ જાહેર કરે છે. ખલીલ તેને પોતાની દિકરી સમાન સમજે છે. આ જોઇ નસીહત ઘણી ખુશ થાય છે અને પોતાના પ્રિક્ષા રૂપી પ્રેમની હકીકત દરશાવે છે. ત્યાંજ ખુશામદી મશીર શૌકતને કેદમાં પુરવા લઇ આવે છે. અને ખલીલને ખબર આપે છે કે શરરઅંગ્રેજ તરફથી બાવીસ હજાર બળવાખોરોને કતલ કરી નાખવાનો હુકમ થઇ ચુકયો છે આ શોકજનક ખબરથી ખલીલ દખી થાય છે.

પ્રવેશ ચોથો.

શાતિર મ્યુનિસીપાલટીની ગાડીમાં રંગીલીની લાશ લઈને નીકળે છે. અને તેણીના મરી જવાનું માતમ કરે છે.

પ્રવેશ પાંચમો.

ખલીલ બાવીસ હજાર માણુસોના કતલથી દુખી થયેલો દેખાય છે. ત્યાં શરર અગ્રેજ આવીને કહે છે. કે જો તુ તારા દિકરા શૌકતનું બળીદાન આપે તો હું બાવીસ હજાર માણુસોનો ગુનાહ માફ કરી દઈશ. ખલીલ આ હુકમને પણ પરવરદિગાર તરફની આજમાઈશ સમજી કબુલ રાખે છે શરર અંગ્રેજના હુકમથી જલ્લાદ શૌકતનુ માથુ ઉડાડી દેવા તૈયાર થાય છે? તેટલામાં નસીહત આવી પહોંચી જલ્લાદને ગોળીથી મારી નાખે છે અને શૌકતને બચાવી પોતાના બાપને કેદ કરી લે છે. ખલીલ અને કેદીઓ તેનો ઉપકાર માને છે. શરર અંગ્રેજનો અંત.

સમાપ્ત.

બનામે ખુદા.

૧

રબ તેરી શાન પ્યારી પ્યારી
ચમકત કુદરત જુજવો ફુલસે વહદતકી મય સાગર સુલસે
સોસનયે બોલી સુંબુલસે સુબુલને બુલબુલસે ગુલસે–રબ
બગે દરખ્તાને સબ્જ દર નજરે હોશ્યાર
હર વરકે દફતરેસ્ત માઅરિફતે કિરદિગાર
ગુલશનમેં ગુલકારી ન્યારી ગુલકારી પરબાદે બહારી
હમ્દો સનામેં તેરેબારી
પત્તા પત્તા ગુન્ચા ગુન્ચા બુટા બુટા ડારી ડારી–રબ

૨

સારા આલમ દેખા જાતી હય
ઝુટી દિલદારી સારી દિલમેંબ ખુદા ન દયા ન હયા યે
જમાના મતલબકા
હમ સમઝે નિર્મલ જલ જીસકો વો નિકલા મયલા
દિલદાર પિતા સબ હય છલિયે ન કિસીકો ડર રબકા–

૩

દિલ ફરિશ્તો કે સંભાલેસે સંભાલે ન ગયે
કૌન કહતા હય ફલક પર મેરે નાલે ન ગયે
આસમાં જયસે વતનસે હય નિકાલા હમકો
ઉસ તરહસે કભી અરમાન નિકાલે ન ગયે
ચખંસે શિકવા રકીબોંસે શિકાયત કૈસી
કૌમસેભી મેરે બચ્ચે તો સંભાલે ન ગયે

૪

બાંકી અદાને મારડાલા મય મર ગઇ રામ
તીરે નજરકા મારા ભાલા રામ રામ—બાંકી
કૃષ્ણ કનૈયા મોરે સપનેમેં આય સપનેમેં આકે
મુરલી બજાય
મુરલી બજાકે મનકો રિઝાય મન મેરા મોહેનન્દ
લાલારે રામ રામ—બાંકી

૫

નહિ ચલતા હય ધન્દા વકીલોંકા, સચ હય બુરા હય
ફન્દા વકીલોંકા.
બાદમેં ગાહક બાત કરે, ઔર પહલે રખદે નોટ છાપવા લેકા
મુકદમાં હોતો માંગે ઓવર કોટ.
દોનોં ગાહક પરચે કરતે ખુફિયા ખુફિયા ચોટ ઇતની ઝંઝટ
કરતે હંય ઔર ફીર ધન્દે મેં ખોટ.
હુવા ધન્દા હય મંદા વકીલોંકા—

૬

મોહન તોરી કયસી અંખિયાં લાખનજીયા લલચાય.
લાખનજીયા લલચાયવો તોરી અંખિયાં.
સુરત ભોલી ભાલી બાલમ ચાલ મતવાલી બાલમ.
બરછીન નજરકી દિલપર માર અરે ર ર ર હંય.
મધ ભરે નયના પહને વાપર હીરે કા ગહેના તેરા
કયા કહેના હય સરકાર વાહ વાહ.
ભોલે ભાલે સયાંને મધભરી અંખિયાં ને લુટલિયા સંસાર
ઉંહું
કરજોડી પડે પૈયાં ચોરી ચોરી આયે સૈયાં બરજોરી કરે
ગુથ્યાં મંચતો ગઇ હાર.

૭

ન માર યારાં સાનુંવે રમ્જાં દે નાલ.
યાર આવણુ ગેઓ દિન કેડે-અખિયાં દે વિચ લાવણુ ડેરે
ઝુટે કૌલો કરાર યારાં સાનુંવે—
જે તુ દુર પયા જાણુ ન દેસાં ગલે વિચ પલડા અરજ કરેસાં
સાનુભી લૅચલ નાલ યાંરાં સાનું.—

૮

યે ન શેકા નયા હય તરાના
મુઝે મિલકર કિયા હય નિશાના
સાગર ભરના હૈ મરના—યેનશેકા

ખુશ આતા હય ઇનકો બનાના
જામ દેકર હમીંકો નચાના
કિસ કિસ દુખકા ગમ કરના—યેનશેકા

કિસે જાકર સુનાયેં ફસાના
યાર લો ગોંઝા ચાંટે લગાના
નટખટ ડરના જુલ કરના—યેનશેકા.

૯

માર કટારી મરજાના કિસીસે દલ ન લગાના
પડી જો ઝુલ્ફ નજર સરપે એક બલાઆઇ
યે દિલકા આનાહી શાહિદ હય કે કજાઆઇ
શબે ફિરાક મે જીને કે થે પડે લાલે
કીયા જો દફન તો મરકદસે યે સદા આઈ—માર

ગુજરતી રાત હય આશીકકી ઇનતેજારીમેં
હુવા જો દિન તો વો કટતા હય બેકરારીમેં
બુરી બલા હય કિસીકા કિસીપે દિલ આયે
તમામ ઉમ્ર ગુજરતી હય આહો જારીમેં—માર

૧૦

સિતમ હરદમ નએ હમપર સિતમ ઇજાદ કરતે હંય
બડે બેદર્દ હંય જાલિમ બડી બેદાદ કરતે હંય

ન મજલૂમોંકી આહેં લો સમેટો સબ્ર મત ઇનકા
ફરિશ્તે કાંપ ઉઠતે હંય યે જબ ફરયાદ કરતે હંય

ખુદાકી બરકતેં નાઝીલ હોં ઉન આસૂદા હાલોં પર
મુસીબતમેં હરએક બેકસકી જો ઇમદાદ કરતે હંય

૧૧

સબપે સિકકા જમાઉં ગોરે ગાલોંસે કહીં ઘાતોંસે
બાતોંસે ચાલોંસે
હું ખિરાજ આજમંય તો ગોરે ગાલોંસે નહીં તો બાંધુંગી
મુશ્કે લમ્બે બાલોંસે
મુસહફે રૂખપે ગેસુહંય કુરબાં હુવે
આજ કાફિર ભી મ્બ્બે મુસલમાં હુવે
કોઇ પૂછે યે મેરે ચાહને વાલોંસે નહીં તો બાંધુંગી મુશ્કે
લાંમ્બે બાલોંસે.

૧૨

કૈસી કિસ્મત હય બુરી હાયરે યે રંજો અલમ.
ડાકટર મરગયા હાયરે ગમ હાયરે ગમ
કલકા યે જીકે હય કાલી કોકયા મંયને હજમ.
અપના કિસ્સા કયા કહું ખા ગઇ મંય પાંચ ખસમ.
ઔરતો કાતો ગોયા જીનાહી જજાલ હુવા શાહરોં કાતો
જમાનેમેં ગોયા કાલ હુવા.
એકભી અપના નહિં ચાહનેવાલા નિકલા શામકો શાદી
હુવી સુબહ જનાજા નિકલા.
ખાવિન્દો કે તો મરનેસે મેરા નાકમેં દમ—કૈસી કિસ્મત.

૧૩

કયા નિરાલી ખૂબી હય યે હમ દોનોંકી ચાહમેં
દોનોં મિલે કિસ્મતસેં ઔર એકકા મુરદા રાહમેં.
આપને દેખીથી એસી બાત કિસીકે બ્યાહમેં.
લાખ લાખ શુક્ર હય અલ્લાહકી દરગાહમેં.
યે ન દુસતસે ન દુશ્મન દુન્યા ઔર સરકારહો.
મુહલ્લેવાલોંસે શાયદ જૂતી ઔર જારહો.
એક એકકી નજરસે કહીં એક એક ન બીમારહો.
આગે અબ યે દેખના હય કસે બેડા પારહો
યે મુવા મરતા હય દેખું સાલમેં યાં માહમેં—

૧૪

હમ કયા હય યે ફસાને રૌશન જહાંનપર હંય.
એહેસાં હમારે લાખો હિંદુસ્તાનપર હંય.
કહેતે હંય જીનકો તારે આહોંકે હંય શરારે.
પહેલેથે અપને દીલમેં અબ આસમાનપર હંય.
મરહબકે સરકો તોડા ખબર મીટા કે છોડા.
અબ તક હમારે કીસ્સે સબકી જબાન પર હંય.

૧૫

એક મવાલી ગયા કોતવાલી સિપાહીને રગડા દોપૈસે
જવાન જોરૂ ભુઠા ખાવિંદ દોનોંકા ઝગડા દો પૈસે
એક સાહુકાર ગયા ચકલેમેં જાકર. અકડા દો પૈસે
સુનકર ગાના હુવા રવાના ફિર સર પકડા દો પસે
રેસમેં યારો એક ખિલાડી કરનેકો બેપાર ગયા
અપની પઘડી લડકીકા કુરતા જોરૂકી સાડી હાર ગયા
મોટર જયસા રેસમેં પહોંચા નિકલા તો છકડા દો પૈસે
—જવાન જોરૂ

સુફેદ ગલીમેં એક મુસાફર પહોંચા છકકે છૂટ ગયે
ઇધર ઉધરસે નિકલે મવાલી બેચારેકો લૂટ ગયે
ફિરભી પોલિસવાલોંને ઉન્કો ન પકડા દો પૈસે
—જવાન જોરૂ

નઇ ખબર યે સુનલે સારે જીને ઈસકા હાજીર હોં
સામનેસે કોઇ ન નિકલે જીસ જા રંગીલી શાતિર હોં
ભુલે ભટકે જો આગે ગયા ઉસે માતને પકડા દો પૈસે
—જવાન જોરૂ

૧૬

મુનકિર નકીરસે હય કયા ઇન્કા દોસ્તાના
દો રોજ ઘરમેં ઠેરી ઓર ફિર અદમ રવાના
જીન્કો નહીં જરૂરત ઉન્કી હય ચાર જીન્દા
અલ્લાહકેભી ઘરકા ઉલટા હય કારખાના
નવ્વી બચી ન જોરૂ અબ કયા કરૂં બતાઓ
છત્તીસ દિન ખિલાયા અફગાનિયોંકા ખાના
મિલતી નહીં હય જોરૂ ફિરતાહું મારા મારા
કુરલેસે પહોંચા દાદર દાદરસે પહોંચા થાના
દો દિન કિયામ કરકે સીધી લહદમેં પહોંચી
કયા હય સરાય ફાની મેરા ગરિબ ખાના

૧૭

હમતો બિસમિલ હુવે નિગાહે દિલબરકે
હસીન કૌલ કિયા કરતે હંય મુકરતે હંય
ઓર આશિક ઉન્કે કહેકા યકીન કરતે હંય
તુમ્હારી ચાહમેં જો જાનસે ગુજરતે હંય
તુમ્હારે ઇશ્કમેં જો જાનો દલસે મરતે હંય
ઉન્કે મરકદ બનેગે સંગે મરમરકે—હમતો

૧૮

હુવાયું ઉનકા રૂખવકતે ઇતાબ આહીસતા આહીસતા
કે જયસે રંગ પર આયે ગુલાબ આહીસતા આહીસતા
વો ખુલ ખેલેંગે ખિલ અય દિલ કે પહેલી વસ્લકી શબ હય
મીટેગી શર્મ જાયેગા હેજાબ આહીસતા આહીસતા
હુવા તારે નિગાહે આશીકાં કાયે હુજુમ ઉસપર
કે દોહરી હો ગઇ ઉનકી નિકાબ આહીસતા આહીસતા

શરાબે તુન્દ હય પીતે નહીં અંય સેખ ઇસે એકદમ.
હુજુર આહીસત્તા આહીસત્તા જનાબ આહીસત્તા આહીસત્તા
ઉઠાન આઇનેમેં કયાં દેખતે હો તનકે જોબનકા.
અભી કમ િનહો આયેગા શબાબ આહીસતા આહીસતા.


૧૯

કયા સરપર આફત આઈ હય અય મેરેબારી તાલા
મારો પીટો ઠયરો પહેલે કરનેદો મૂં કાલા
અબ આગે અલ્લાહહી સબકી હય લાજ રખનેવાલા
વકીલકે ઘરપર પડાહો જબ સરકારી તાલા
યે જૂતા હય
યે લાઠી હય
યે ઘુંસા
મારડાલા
કયુ બીટવા
બોલો ચાચા
મારો
દોડો ખાલુ ખાલા

૨૦

ચલી ઉલટી હવા યે જહાનમેં હાય ગઈ દસવી જોરૂભી કબ્રસ્તાનમેં
વાહરે શાતિર ખુબ હી બિગડા તેરે ઘરકા કામ ઇફ્તારી ઔર સિહરીકા કયા હોગા ઈન્તેજામ
કયસે રોજે રખુંગા રમજાનમેં—
જોરૂ મર ગઇ પંચોને હય ઘરસે નિકાલા ઉસપર યે ખુબી હય યારો કરકે મૂં કાલા

પડા સરકારી તાલા હય મકાનમે—
જોડતા હય હાથ શાતિર ચશ્મ અપની નમકરેં
કુચ્છ જીયાદા ઔર કુચ્છ મામુલી ઔર કુચ્છ કમ કરેં
જીતને સટ્ટેબાજ હો ઇસ જાપે ઉસ્કા ગમ કરેં
રેસકે જીતને ખિલાડી હોં મેરા માતમ કરેં
એકને લાઠી એકને ઘુંસા એકને મારી લાત એકને
મૂછે એકને દામન એકને પકડા હાથ
યે વકીલોંકી હય ઇજ્જત હિન્દુસ્તાનમેં—
જોરૂ મર ગઇ શાતિર ભાઇ હો ગયે પરેશાન—પંચોકો
તો ઘર હો મુબારક ઉસ્કો કબ્રસ્તાન
હમભી તકિયા લગાએંગે મસાનમેં—



જુની અને જાણીતી
માહાલે એન્ડ કુંપની
ની ટોપીઓ ખરીદો.

—:o:—

જેવી કે

ડબલ એન. હંગેરીયન. તથા ઝવેરી કેપ, અમારી જાણીતી ટકાવ અને દેખાવમાં ઘણીજ સુંદર છે.

તે સીવાય

બચ્ચાના ફેન્સી ડ્રેસો તથા ફરેકો ગંજીફરાક, મોજાં, રૂમાલ વીગેરે મલશે.

એક વખત પધારી ખાત્રી કરો.

ઠેકાણું

મારવાડી બજાર.

મુંબઈ.

આ નાટકની ચોપડી, મહમદ અબદુલ રહેમાને ખિલાફત પ્રેસ, સુલતાન મેનશન, ડોંગરી નં. ૯. મુંબઇમાં છાપી, અને કંપનીના માલેકે પોતાને માટે પસિદ્ધ કરી છે.